જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૭/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૧૨૮૬/૨૦૨૧**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૨	૦	૧૧૬૩૨	૧૭૭૪૩	૦	૧૭૭૪૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૦	૦	૪૭૩૦	૬૨૬૫	૦	૬૨૬૫
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૧	૦	૧૦૧	૩૫૨	૦	૩૫૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૪૪૧૨	૧૪૩	૬૪૫૫૫	૬૫૦૦૯	૧૩૯	૬૫૧૪૮
કુલ		૮૦૮૭૫	૧૪૩	૮૧૦૧૮	૮૯૩૬૯	૧૩૯	૮૯૫૦૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૪	3,૧3,૮૦૦/-

પત્રક-3			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૪૬૧	૧૪,૬૧,૦૦૦/-

નજર ચુકવી ચોરી કરતા આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

નજર ચુકવી સોના ચાંદીની દુકાનોમાં ચોરી કરતી ગેંગને પકડી પાડતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ સિનીયર પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબનાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ સર્વેલન્સ સ્કોર્ડના માણસોને સુચના આપી સઘન પેટ્રોલિંગ રાખી ગુનાઓ શોધવા જણાવેલ હોય જે અનુસંધાને સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ. ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબનાઓ સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન પેટ્રોલિંગ ફરતા ફરતા નારોલ રંગોલીનગર બ્રિજ ગરનાળા પાસે આવતાં મ.સ.ઈ.બ્રિજરાજસિંહ દિલીપસિંહ તથા હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહિમમીયાં તથા પો.કો.ગોવિંદસિંહ દિલીપસિંહ નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે " કાજલ ઠાકોર તથા તેજલ દંતાણી નામની બે સ્ત્રીઓ કોઈ જગ્યાએથી ચોરી અગર તો છળકપટથી મેળવેલ મુદ્દામાલ સગેવગે કરવા સારૂ પગે ચાલતા રંગોલીનગર તરફથી આવી અત્રે થઈ નારોલ સર્કલ તરફ જનાર છે. જેમાં કાજલ ઠાકોરે કાળા લાલ તથા લીલા કલરના ફુલોની ભાતવાળી સાડી પહેરેલ છે. તથા તેજલ દંતાણીએ લાલ તથા કાળા કલરની ટી શર્ટ તથા કાળા કલરનો લાલ ટપકાવાળો લેંઘો પહેરેલ છે. " જે બાતમી હકીકત આધારે વોચમા રહેતા બાતમી હકીકતમાં જણાવેલ વર્ણનવાળી બે સ્ત્રીઓ આવતાં તેઓને કોર્ડન કરી રોકી લઈ તેઓના પંચો રૂબરૂ નામઠામ પુછતાં નં.૧ નાએ પોતાનુ નામ કાજલબેન વા/ઓફ રવિભાઈ ભલાભાઈ જાતે ઠાકોર ઉ.વ.૨૨ ધંધો.ઘરકામ રહે.કિરણનગર સોસાયટી ઉન્નતિ સ્કુલ પાસે રંગોલીનગરની અંદર નારોલ અમદાવાદ શહેર તથા નં.૨ નાએ પોતાનુ નામ તેજલબેન ડો/ઓફ જયંતીભાઈ જાતે દંતાણી ઉ.વ.૨૦ ધંધો.ઘરકામ રહે.મ.નં.૩૫ મહાદેવનગર શર્મા ભાજીપાઉની બાજુમાં રંગોલીનગરની અંદર નારોલ અમદાવાદ શહેરના હોવાનુ જણાવેલ અને તેઓના કબ્જામાંથી અલગ અલગ સોનાના દાગીનાઓ મળી આવેલ જેમાં (૧) સોનાનુ મંગળસુત્ર સાથેનુ પેંડલ ૩૦ ગ્રામનુ આશરે કિ.રૂ.૭૫૦૦૦/- તેમજ (૨) સોનાની ઝુમર નંગ-૦૧ બુટી ૩.૫ ગ્રામની આશરે કિ.રૂ.૮૭૫૦/- તેમજ (૩) બે નાકા વાળૂ પેંડલ ૩ ગ્રામનુ આશરે કિ.રૂ.૭૫૦૦/– (૪) નાકની કાટી ૨૧ ગ્રામ કિ.રૂ.૫૨૫૦૦/– તથા (૫) કાનની કડી નંગ બે ૦૪ ગ્રામ આશરે કિ.રૂ.૧૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૧,૫૩,૭૫૦/– ની મત્તાનો મુદ્દામાલ મળી આવતાં તેઓને વિશ્વાસમાં લઈ યુક્તિ પ્રયુકતિથી પુછપરછ કરતાં તેઓએ આજથી સાતેક દિવસ અગાઉ નારોલ મોની હોટલના ખાંચામાં આવેલ એક સોનાની દુકાન તેમજ નારોલ નંદનવન રેસીડેન્સી પાસે આવેલ એક સોનાની દુકાન એમ બંને દુકાનોમાંથી સોનાના દાગીનાઓની ચોરી કરેલાનુ જણાવેલ. જેથી સદરી બાબતે તપાસ કરતાં નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૧૮૪/૨૦૨૧ ધી ઈપીકો કલમ ૩૮૦ ૧૧૪ મુજબનો ગુનો નોધાયેલ હોવાનુ જણાઈ આવેલ. જેથી આરોપીઓને ચોરીના મુદ્દામાલ સાથે પકડી ચોરીએ ગયેલ મુદ્દામાલની સો ટકા રિકવરી કરી નારોલ પોલીસ સ્ટેશનનો મિલ્કત સબંધી અનડીટેકટ ગુનો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

પકડાયેલ આરોપીઓ :-

1	(૧) કાજલબેન વા/ઓફ રવિભાઈ ભલાભાઈ જાતે ઠાકોર ઉ.વ.૨૨ ધંધો.ઘરકામ રહે.કિરણનગર સોસાયટી ઉન્નતિ સ્કુલ પાસે રંગોલીનગરની અંદર નારોલ અમદાવાદ શહેર (૨) તેજલબેન ડો/ઓફ જયંતીભાઈ જાતે દંતાણી ઉ.વ.૨૦ ધંધો.ઘરકામ રહે.મ.નં.૩૫ મહાદેવનગર શર્મા ભાજીપાઉની બાજુમાં રંગોલીનગરની અંદર નારોલ અમદાવાદ શહેર (૩) ધર્મેશભાઈ મુકેશભાઈ જાતે દંતાણી (દેવીપુજક) ઉ.વ.૨૧ ધંધો.મજુરીકામ રહે.મલાઈ તળાવ પાસે પશુ દવાખાનાની બાજુમાં ગામ.ધોળકા તા.ધોળકા જી.અમદાવાદ (૪) શીતલબેન વા/ઓફ ધર્મેશભાઈ મુકેશભાઈ જાતે દંતાણી (દેવીપુજક) ઉ.વ.૨૦ ધંધો.ઘરકામ રહે.મલાઈ તળાવ પાસે પશુ દવાખાનાની બાજુમાં ગામ.ધોળકા તા.ધોળકા જી.અમદાવાદ

વોન્ટેડ આરોપીઓ :-

1	(૧) પ્રવિણભાઈ કિશનભાઈ દંતાણી રહે.રંગોલીનગરની અંદર નારોલ અમદાવાદ શહેર (૨) ભારતીબેન પ્રવિણભાઈ દંતાણી રહે.રંગોલીનગરની અંદર નારોલ અમદાવાદ શહેર

કબ્જે કરેલ મુદ્દામાલની વિગત :-

1	સોનાનુ મંગળસુત્ર સાથેનુ પેંડલ ૩૦ ગ્રામનુ આશરે કિ.રૂ.૭૫૦૦૦/-
2	સોનાની ઝુમર નંગ-૦૧ બુટી ૩.૫ ગ્રામની આશરે કિ.રૂ.૮૭૫૦/-
3	બે નાકા વાળૂ પેંડલ ૩ ગ્રામનુ આશરે કિ.રૂ.૭૫૦૦/–
4	નાકની કાટી ૨૧ ગ્રામ કિ.રૂ.૫૨૫૦૦/–
5	કાનની કડી નંગ બે ૦૪ ગ્રામ આશરે કિ.રૂ.૧૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૧,૫૩,૭૫૦/– ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરેલ છે.

શોધી કાઢેલ ગુનાની વિગત

1	નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૧૮૪/૨૦૨૧ ધી ઈપીકો કલમ ૩૮૦ ૧૧૪ મુજબ	તા.૦૮/૦૭/૨૦૨૧

આરોપીઓનો ગુન્હો કરવાની એમ.ઓ.

આ કામના આરોપીઓ અલગ અલગ સોના ચાંદીના ઘરેણાની દુકાનોમાં સુમહમાં જઈ તે પૈકીના એક અથવા બે મહિલાઓ જુદા જુદા ઘરેણા જોવામાં સોનીને વ્યસ્ત રાખી અન્ય ગેંગના સભ્યો નજર ચુકવીને ચોરી કરવાની એમ.ઓ. (M.O.) ધરાવે છે.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-

પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબ તથા સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ.ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા એ.એસ.આઈ.બ્રિજરાજસિંહ દિલીપસિંહ તથા હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહિમમીયાં તથા હે.કો.શફીઉલ્લાખાન મહેબુબખાન તથા પો.કો.કાનાભાઈ સુરાભાઈ તથા વુ.પો.કો.માયાબેન ભગવાનદાસ તથા પો.કો.વિરેન્દ્રસિંહ રુપસિંહ તથા પો.કો.ગોવિંદસિંહ દિલીપસિંહ તથા પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ તથા પો.કો.પ્રહલાદસિંહ શિવસંગભાઈ વિગેરે રોકાયેલ હતા







ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કાગડાપીઠ પોલીસ સ્ટેશન

કાગડાપીઠ પોલીસ સ્ટેશનના વિસ્તારમા મંદીર તથા દરગાહમા નુકશાન અને ચોરી કરનારને તાત્કાલીક પકડી પાડતી કાગડાપીઠ પોલીસ

અમદાવાદ શહેરમાં બનતા ગુનાઓ અટકાવવા તથા ગંભીર ગુનાના આરોપીઓને શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ નાઓ તરફથી અવાર નવાર સુચના આપેલ હોય જે સુચના આધારે **સીનીયર પોલીસ ઇન્સપેકટરશ્રી એ.જે.પાંડવ સાહેબ** નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ તા. ૧૫/૦૭/૨૦૨૧ ના રોજ નોધાયેલ ગુ.ર.ન. **૧૧૧૯૧૦૨૫૨૧૧૪૧૯/૨૦૨૧ ધી ઇ.પી.કો. કલમ ૨૯૫, ૪૨૭, ૩૭૯, ૧૧૪** મુજબનો દાખલ થયેલ જે ગુનાની તપાસમા રહેવા સુચના આપેલ જે આધારે સર્વેલન્સ સ્કોડના **પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ** તથા **પો.સ.ઇ.શ્રી બી.એસ.રબારી** તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં તા : ૧૫/૦૭/૨૦૨૧ ના રોજ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બહેરામપુરા કબાડી માર્કેટ નં ૧ ની પાસેથી સ્ટાફના સાથેના મ.સ.ઇ. રવિકાંત બચુભાઇ બ.ન.૧૩૪૭૧ તથા હેડ કોન્સ. પંકજકુમાર મણીલાલ બ.ન. ૩૯૯૭ નાઓને સંયુક્ત રીતે બાતમી હકિકત આધારે આરોપી નામે (૧) બ્રીજેશ ખુશાલભાઇ ચૌહાણ ઉ.વ. ૨૪ રહે : કબીરવાડી, છીપા કબ્રસ્તાનની સામે, ગીતામંદીર રોડ, ગીતામંદીર, અમદાવાદ શહેર તથા (૨) કિશોર માવજીભાઇ ચાવડા ઉ.વ. ૩૪ રહે : ડુગરમોતીની ચાલી, ગીતામંદીર રોડ, મજુરગામ, અમદાવાદ શહેર નાઓની પાસેથી સદર ચોરીના કામે રોકડ રુપિયા ૧૬૫/- તથા બે સીગારેટના પેકેટ જેની કુલ કિ.રુ. ૧૮૪/- તથા એક મોબાઇલ ફોન જેની કિ,રુ. ૫૦૦/- ગણી શકાય તે પંચનામા વિગતે કબ્જે લઇ સદર ચોરી તથા મંદીર/દરગાહમા નુકશાન કરનાર ગુનેગારોને **તાત્કાલીક શોધી** કાયદેસરની કાર્યવાહિ કરતી કાગડાપીઠ પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા સારી કામગીરી કરેલ છે.




નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૮૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૨૯૮ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૪૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૮૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૨૮૯/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ પારૂલબહેન વા/ઓ દિલીપકુમાર ત્રીવેદી (ઉ.વ.૬૪) (રહે.શ્યામ રેસીડન્સી આતાભાઇ ચોક ભાવનગર) એ તા.૧૬/૦૭/૨૦૨૧ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૩/૨૦૨૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી સીગનીસ રિયલ્ટી એલ.એલ.પી. ડાયરેક્ટર આલોક જોષી તથા પંખીની જોષી (ઠે.ઓફિસ. ડી/૨૦૬ ગણેશ મેરીડીન કારગિલ પેટ્રોલપંપ સામે સોલાબ્રિજ પાસે એસ.જી.હાઇવે) એ પારૂલબહેન ત્રીવેદીને પાશ્વ ઇન્ફા પ્રા.લી. નામની પ્રોજેક્ટ (સ્કીમ)નુ બનાવટી ખોટુ બ્રોશર બતાવી તેની સ્કીમ સમજાવી અને દુકાન નંબર-૫૦૯ કિમત રૂપિયા ૨૯,૦૦,૦૦૦/- પેટે મેળવી લઈ દુકાન નહી આપી તે પૈકી રૂપિયા ૮,૫૦,૦૦૦/- પરત આપી બાકી નિકળતા રૂપિયા ૨૦,૫૦,૦૦૦/- પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

નવરંગપુરાઃ વિકાસભાઇ સદ્‌પ્રકાશ સુદ (ઉ.વ.૫૦) (રહે.સોલીટ્યુ-૧ અટલાદા વડોદરા) એ તા.૧૬/૦૭/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૪/૨૦૧૬ થી તા.૩૧/૦૮/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા ફલોરેન્સ કોમ્પ્લેક્ષ, આશ્રમ રોડ જીંદાલ સ્ટેંલેસ કોર્પોરેટ મેનેજમેન્ટ સર્વીસીસ પ્રા.લી. કંપની ખાતે નોકરી કરતા આરોપી રૂપલભાઇ જીતેન્દ્રભાઇ ભાઉ (રહે. ઉપવન ફલેટસ સંજીવબાગ નવા શારદા મંદીર રોડ પાલડી) એ વિકાસભાઇ સુદની કંપનીમાંથી સ્ટેઇનલેસ સ્ટીલની કોઇલ(પટ્ટી) માલ-સામાન કિમત રૂપિયા ૧૫,૦૩,૯૭૯/- તથા ૧૬,૦૬,૮૮૪/- ઓર્ડર મુજબનો આશીષ ફેરોમેટ પ્રા.લી. નરોડા વાળાને આપવાની જગ્યાએ અન્ય જગ્યાએ માલ આપી જે માલના નાણા કંપનીની બ્રાંચમાં કુલ રૂપિયા ૩૧,૧૦,૮૬૩/- જમા નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એન.સાંસલા ચલાવે છે.

વસ્ત્રાપુરઃ શિબીનાબહેન વા/ઓ જીતેન્દ્ર યાદવ (ઉ.વ.૩૫) (રહે. ઓમ ધર્મજીવન એપાર્ટમેન્ટ જય અંબેનગર થલતેજ) એ તા.૧૬/૦૭/૨૦૨૧ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે શિબીનાબહેન યાદવને એસબીઆઈ બેન્કના પોતાના ખાતાનુ સ્ટેટમેન્ટ જાણવા માટે તા.૦૫/૦૫/૨૦૨૧ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે એસબીઆઈ કસ્ટમર કેરમાં ફોન કરી ૦૮૫૦૯૪૮૦૮૮૭ નંબર મેળવી જે નંબર ઉપર વાત કરતા, વાત કરનાર પુરૂષે ફોન કટ કરી બીજા મોબાઈલ નંબર ૯૮૩૨૩૧૧૨૫૯ ના ધારકે શિબીનાબહેનના મોબાઈલ નંબર ઉપર ફોન કરી બેન્કના કસ્ટમર કેરમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી શિબીનાબહેનને કસ્ટમર કેરમાં ફોન કરવાનુ કારણ જાણી લઈ શિબીનાબહેનને બેન્કના સ્ટેટમેન્ટ જાણવા માટે એની ડેસ્ક નામની એપ ડાઉનલોડ કરવી પડશે તેમ કહી શિબીનાબહેનના મોબાઈલમાં એપ ડાઉનલોડ કરાવી મોબાઈલમાં આવેલ ઓટીપી મેળવી લઈ ઓનલાઈન રૂપિયા ૧,૨૮,૬૨૩/- ટ્રાન્ઝેકશન કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ ઈ.પો.ઇ.શ્રી વાય.આર.વાઘેલા ચલાવે છે.

ગુજરાત યુનિવર્સિટીઃ ધવલભાઇ નરેન્દ્રીભાઈ શાહ (ઉ.વ.૪૭) (રહે. જલદર્શન ફ્લેટ એચ.કે.કોલેજની બાજુમાં આશ્રમ રોડ નવરંગપુરા) એ તા.૧૬/૦૭/૨૦૨૧ નારોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ધવલભાઈ શાહ નવરંગપુરા કોમર્સ છ રસ્તા દેવભુમી શોપીંગ સેન્ટર ખાતે એ.સી.નો ધંધો કરતા હોઈ તા.૨૧/૦૬/૨૦૨૧ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૯૮૧૯૫૩૪૫૮૫ ના ધારકે ધવલભાઈને ફોન કરી પોતાનુ નામ વિજયભાઈ જણાવી એ.સી.નંગ-૮ ઓર્ડર આપ્યો હતો તેમજ એ.સી. સમર્થ એન્ટરપ્રાઈઝ -૨૩૪ જીઆઈડીસી ફેઝ-૩ એચ.એન.જી.ફ્લોટ ગ્લાસ પાસે ચાંદપુરા હાલોલ ખાતે ફીટીંગ કરવાનુ જણાવ્યુ હતુ તેમજ એ.સી.નંગ-૮ કિમત રૂપિયા ૨,૬૮,૦૦૦/- ઓનલાઈન ચુકવી આપવાનુ જણાવતા એ.સી.ની ડીલીવરી માટે વિજયભાઈએ છોટાહાથી વાહન મોકલી આપતા ધવલભાઈએ એ.સી.નંગ-૮ છોટા હાથીમાં મોકલી આપ્યા હતા. ત્યારબાદ તા.૨૪/૦૬/૨૦૨૧ ના રોજ એ.સી.ના ફિટીંગ માટે ધવલભાઈના કારીગર સમર્થ એન્ટરપ્રાઈઝ-૨૩૪ જીઆઈડીસી ફેઝ-૩ એચ.એન.જી.ફ્લોટ ગ્લાસ પાસે ચાંદપુરા હાલોલ ખાતે જતા ત્યા વિજયભાઈ નામની કોઈ વ્યક્તિ નહી હોવાનુ તેમજ એ.સી. ખરીદીનો ઓર્ડર પણ નહી આપેલ હોવાનુ જાણવા મળ્યુ હતુ. ત્યારબાદ છોટાહાથી વાહન ચાલકની પુછપરછ કરતા જાણવા મળ્યુ હતુ કે બરોડા હાઈવે સુરમ્ય રેસીડન્સી નજીક છોટાહાથી વાહનનુ ભાડું ચુકવી વિજયભાઈ નામની વ્યક્તિએ એ.સી. ઉતારી લઈ ફોન બંધ કરી એ.સી.ના નાણા નહી ચુકવી ધવલભાઈ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.કોડીયાતર ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૨૯૦/૨૦૨૧**

નીકોલઃ અભુજી સુબાજી ઠાકોર (રહે.કેન્સ વિલા-૧૮ ની બાજુમા આવેલ ખુલ્લા મેદાનમા કાચા છાપરાં નિકોલ) એ તા.૧૬/૦૭/૨૦૨૧ ના રોજ નીકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૭/૨૦૨૧ બપોરના ૩/૦૦ થી ૪/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

લુંટની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૨૯૧/૨૦૨૧**

નરોડાઃ વિજયભાઇ મંગાભાઇ ઠાકોર (ઉ.વ.૨૭) (રહે.ગામ સીહોરી મોટી તા.જી.ગાંધીનગર) એ નરોડા પોલીશ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૭/૨૦૨૧ સવારના ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે જવા માટે નરોડા જીઆઈડીસી અર્બુદા વજન કાંટા નજીક શટલ ઓટો રિક્ષામાં બેઠા હતા ત્યારે રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ અન્ય ત્રણ પુરૂષોએ નરોડા ચીલોડા ગામ ચાર રસ્તાથી આગળ આવેલ બ્રીજ પાસે ખુલ્લી જગ્યામા ચાલુ રિક્ષામાં વિજયભાઇ ઠાકોરને ગડદાપાટુનો માર મારી હાથમાં પહેરેલ ચાંદીની લક્કી કિમત રૂપિયા ૪,૦૦૦/-, ચાંદીનુ કડું કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને ખિસામાંથી રોકડ રૂપિયા ૮૦૦/- મળી કુલ રૂપિયા ૧૪,૮૦૦/-કાઢી લઈ લુંટ કરી વિજયભાઇને રિક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૨૯૨/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ સતીષભાઇ શાંતિલાલ પટેલ (ઉ.વ.૪૩) (રહે.વિશ્વ રેસીડન્સી ફ્લેટ વિશ્રામનગરની બાજુમાં વસ્ત્રાપુર) તા.૧૫/૦૭/૨૦૨૧ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર ગોકુળ ફ્લેટના પાર્કીંગ પ્લોટ સામે એ-વન સ્કુલ નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સતીષભાઇ પટેલના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૮૦,૦૦૦/- ઝુટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સતિષભાઈ પટેલે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.રાવલ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૨૯૩/૨૦૨૧**

"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ આંબાવાડી ભુદરપુરા ચેતન વ્યાસ એસોસીયેટ સાઈટ ઉપર કામ કરતા અને ત્યા જ રહેતા રતનબહેન વા/ઓ સોહનભાઈ ડામોર (મુળ વતન. ગામ-મેણાપાદર તા-બાસવાડા જી-ઉદયપુર રાજસ્થાન) એ "એમ" ટાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રતનબહેનના ભાઈ સુરેશ કસરૂભાઈ બામણીયા (ઉ.વ.૨૨) પણ સાઈટ ઉપર મજુરી કામ કરતા હતા. જેઓ તા.૧૬/૦૭/૨૦૨૧ સવારના ૬/૩૦ વાગ્યા પહેલા કંટ્રક્શન સાઈટની ખુલ્લી જગ્યામાં સુતા હતા ત્યારે ડમ્પર નંબર જીજે ૦૧ ડીએક્સ ૮૫૧૪ ના ચાલકે બેદરકારીથી ડમ્પર રિવર્સ ચલાવતા સુરેશ બામણીયા ઉપર ફરી વળતા તેનુ સ્થળ ઉપર જ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ ઈ.પો.ઇ.શ્રી એન.એસ.કટકટી ચલાવે છે.

ત્યજી દીધેલ મૃત શિશુ મળી આવવા બાબતઃ- **સમાચાર યાદી નં.૧૨૯૪/૨૦૨૧**

આનંદનગરઃ તા.૧૫/૦૭/૨૦૨૧ સાજના ૬/૦૦ થી તા.૧૬/૦૭/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન ગોપાલ આવાસ બ્લોક નંબર-૨૧ પાસે પાર્ક કરેલ લોડીંગ ટેમ્પોની સીટ ઉપરથી મૃત શિશુ ત્યજી દીધેલ હાલતમાં મળી આવતા આનંદનગર પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આર.ચૌહાણ ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૨૯૫/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ સાયન્સ સીટી રોડ સેલ પેટ્રોલપંપ સામે અનુશ્રી એકોલેડ-૨ ખાતે રહેતા અને ત્યા જ કલર કામ કરતા પ્રવેંન્દ્ર સ/ઓ લટ્ટૂરીરામ યાદવ (ઉ.વ.૨૭) (મુળ વતન. ગામ-ધારાપુર તા-ટુટના જી-ફીરોજાબાદ ઉતરપ્રદેશ) તા.૧૬/૦૭/૨૦૨૧ સવારના ૭/૪૫ વાગ્યાના સુમારે અનુશ્રી એકોલેડ-૨ ત્રીજા માળેથી પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કિરીટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૨૯૬/૨૦૨૧**

રિવરફ્રંટ વેસ્ટઃ જાનવી કિરણભાઇ પટેલ (ઉ.વ.૨૪) (રહે. શ્રી ઉમિયા ટેનામેન્ટ સુરેલીયા એસ્ટેટ અમરાઇવાડી) એ બિમારીથી કંટાળી તા.૧૬/૦૭/૨૦૨૧ કલાક ૭/૩૦ વાગ્યા પહેલા એલિસબ્રિજ પાસે ઘાટ નંબર-૦૮ રીવરફ્રન્ટ વોક વે માં સીડી નંબર ૪૮ નજીક નદીમાં પડતુ મુકી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.ભાદરકા ચલાવે છે.

બાપુનગરઃ ભાવેશભાઇ ભરતભાઇ હરખાણી (ઉ.વ.૩૨) (રહે. સંસ્કૃત રેસીડેન્સી સેવન ડે સ્કુલ પાસે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૭/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે બાપુનગર ખોડીયારનગર રાજેશ્વરી કોમ્પલેક્ષ ખાતે આવેલ કૃષ્ણા એનટરપ્રાઈઝ નામની ઓફીસ ખાતે ઝેરી ગોળીઓ ખાઈ લીધી હતી. સારવાર માટે તેમને બાપુનગર કાકડીયા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિહ અર્જુનસિહ ચલાવે છે.

રામોલઃ મમતાબહેન વા/ઓ મદનલાલ મારવાડી (ઉ.વ.૪૨) (રહે. પુંજાલાલની ચાલી રામરાજ્યનગર રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૭/૨૧ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પતરાના છતના પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી